# ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમો ચલાવતી સરકારી, અનુદાનિત, IIT-RAM, PPP તેમજ સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકો પર ઓફ લાઈન પ્રવેશ માટેના રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ અંગેની જરૂરી સૂચના (પ્રવેશ વર્ષ-૨૦૧૮)

- મેરીટમાં સમાવિષ્ટ પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ ખાલી રહેલી બેઠકો પરના પ્રવેશ કાર્યક્રમમાં ભાગ લેવા માટે www.gujacpc.nic.in ઉપર પોતાના લોગ ઈન આઈડી (Login ID) ની મદદથી તા. ૨૧-૦૭-૨૦૧૮ થી તા. ૨૩-૦૭-૨૦૧૮ દરમ્યાન ઓનલાઈન સંમતિ (Consent) આપવાની રહેશે.
- આ ખાલી બેઠકોની પ્રવેશ કાર્યવાહીમાં પ્રથમ વર્ષ ડિગ્રી ઈજનેરી પ્રવેશ વર્ષ-૨૦૧૮ ના મેરીટમાં સમાવિષ્ટ **તમામ ઉમેદવારો જ ભાગ લઈ શકશે.**
- આ ખાલી બેઠકોની પ્રક્રિયામાં ઉપરોક્ત સમયમર્યાદામાં સંમતિ આપનાર ઉમેદવારો જ સદર પ્રક્રિયામાં ભાગ લઈ શકશે.
- પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ પોતાના મેરીટ પ્રમાણે તેમજ રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ પ્રમાણે ઉમેદવારે પ્રવેશ સમિતિ, એલ. ડી. એન્જિનીયરીંગ કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ ખાતે રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ પ્રમાણે સંમતિ આપ્યા બાબતના પત્ર (Consent Letter) ની પ્રિન્ટ આઉટ સાથે રૂબરૂ હાજર થવાનું રહેશે અને મેરીટ પ્રમાણે બોલાવવામાં આવશે અને ઉમેદવારોને જે તે સમયે ઉપલબ્ધ ખાલી બેઠકો માંથી તેમની પસંદગી પ્રમાણે તેમજ મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. રૂબરૂ કાઉન્સેલીંગ દરમ્યાન ઉમેદવાર જે તે સમયે ઉપલબ્ધ ખાલી બેઠકોમાં પોતાની પસંદગીની બેઠક ઉપલબ્ધ ના હોય તો પોતાના પ્રવેશ અંગેની અસંમતિ દર્શાવી શકે છે અને આવા ઉમેદવારનો અગાઉનો પ્રવેશ કાયમ રહેશે. ઓફ લાઈન પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન પ્રવેશ કાયમ કરાવ્યા બાદ ભરવા પાત્ર ફી જે તે સંસ્થા ખાતે ભરવાની રહેશે.
- આ ખાલી બેઠકોની પ્રક્રિયામાં પોતાનો હાલનો પ્રવેશ રદ કરાવ્યા વગર પણ ભાગ લઈ શકશે. પરંતુ ઉમેદવારને જો સદર પ્રક્રિયામાં ખાલી પડેલ જગ્યાઓમાં પ્રવેશ મળશે તો જુનો પ્રવેશ આપો આપ રદ થશે તથા ફી રીફંડની કાર્યવાહી સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ-૧૮ પ્રમાણે "જુનો પ્રવેશ રદ થવાથી એ સંસ્થા ખાતે જો તેની સામે બેઠક ફાળવાશે તો ફી રીફંડ મળવા પાત્ર રહેશે."
- શૈક્ષણિક વર્ષ-૨૦૧૮-૨૦૧૯ ની ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. ૧૯-૦૭-૨૦૧૮ ના રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવે છે. ઉમેદવારે પોતાને અગાઉનો મળેલ પ્રવેશ રદ કરાવવો હોય તો જે સંસ્થામાં પ્રવેશ મળેલ હોય તે સંસ્થામાં લેખીતમાં અરજી કરવાની રહેશે. પ્રવેશ રદ થયા બાદ ઉમેદવારને ફી રીફંડ સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ-૧૮ પ્રમાણે થશે.
- વેબસાઈટ ઉપર દર્શાવેલ બેઠકો ઉપરાંત ઉચ્ચ મેરીટ ધરાવતાં ઉમેદવારોને પ્રવેશ મળતાં તેમના દ્વારા ખાલી થયેલ આનુશાંગીક સરકારી, અનુદાનીત, IIT-RAM, PPP તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની બેઠકો પણ ઉપલબ્ધ થવાની શક્યતાઓ છે. પ્રવેશ કાર્યક્રમ દરમ્યાન તબક્કાવાર ખાલી બેઠકોની માહિતી વારંવાર પ્રવેશ સમિતિની વેબસાઈટ પર અપડેટ કરવામાં આવશે. આથી ઉમેદવારોને પોતાનો મેરીટ ક્રમાંક અને ઉપલબ્ધ બેઠકોની માહિતી ચકાસી અને ત્યાર બાદ ઓફ લાઈન પ્રવેશ માટે પ્રવેશ સમિતિ ખાતે હાજર રહેવાની સલાહ આપવામાં આવે છે.

**તા. ૨૦-૦૭-૨૦૧૮** **— મેમ્બર સેક્રેટરી**